INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧-૦૬-૨૦૨૪**

- **તક્ષશિલા કાંડ બાદ ટીઆરબી ગેમ ઝોનમાં ભારે આગના કારણે તંત્રની લાપરવાહી - સુરક્ષા પ્રત્યે આંખ આડા કાનની નિતિ વધુ એક વખત ખુલ્લી પડી છે. ત્યારે શહેરી વિકાસ મંત્રી જવાબદારી સ્વીકારી રાજીનામું આપે અને ગુન્હાહિત બેદરકારી દાખવનાર ઉચ્ચ અધિકારીઓ સામે સદોષ માનવ વધની ફરિયાદ દાખલ કરવામાં આવે.**
- **એક પછી એક આગની ઘટનાઓ બાદ પણ વહીવટીતંત્ર ગુન્હાહીત બેદરકારી દાખવી રહી છે. ભ્રષ્ટાચારી તંત્રની લાપરવાહીને લીધે ફાયરસેફ્ટીની વ્યવસ્થા માત્ર દેખાવ પૂરતીઃ ફાયરસેફ્ટીની મંજૂરીમાં પણ અનેક છીંડા-ગોઠવણો.**
- **૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા ભોગવતી ભાજપાના શાસકોની ભ્રષ્ટ નીતિરીતિને કારણે નાગરિકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છેઃ ડૉ. મનિષ દોશી.**

તક્ષશિલા કાંડ બાદ ટીઆરબી ગેમ ઝોનમાં ભારે આગના કારણે તંત્રની લાપરવાહી - સુરક્ષા પ્રત્યે આંખ આડા કાનની નિતિ વધુ એક વખત ખુલ્લી પડી છે, ત્યારે શહેરી વિકાસ મંત્રી જવાબદારી સ્વીકારી રાજીનામું આપે અને ગુન્હાહિત બેદરકારી દાખવનાર ઉચ્ચ અધિકારીઓ સામે સદોષ માનવ વધની ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વારંવાર બનતી દુર્ઘટના, ભાજપ સરકારની નિષ્ક્રિયતાના લીધે માનવજીંદગી હોમાઈ રહી છે. સરકાર પાસે નથી ફાયર નિતિ, નથી નિયત. ફાયર સર્ટીફીકેટ / એન.ઓ.સી. ના નામે મોટો ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. તક્ષશિલા અગ્નિકાંડ બાદ સરકાર પાંચ વર્ષ સુધી ઉંઘતી રહી જેના પરિણામે રાજકોટ ટી.આર.પી. ગેમઝોન જેવી ગંભીર દુર્ઘટના બની, જેમાં ૨૭ થી વધુ નિર્દોષ હોમાયા, કેગના વિવિધ અહેવાલોમાં ઉલ્લેખ છે કે સતત ચાર વર્ષે ફાયર પ્રિવેન્શન / ફાયર સર્વિસ માટે કરોડો રૂપિયા વણ વપરાયા રહ્યા અને કરોડો રૂપિયા પરત ગયા. અનેક વખત 'કેગ' દ્વારા ફાયર પ્રિવેન્શન અંગે ભાજપ સરકારની નિષ્ક્રિયતા ગંભીર ખામીઓ ઉજાગર કરી પણ, સરકારી તંત્રે અવગણના કરી. રાજ્યના આઠ મહાનગરો, ૧૫૩ નગરપાલિકા વિસ્તારમાં કોણે ક્યારે Fire NOC લીધી ? ક્યારે રીન્યુ કરાવવાની ? તે અંગે સ્થાનિક માહિતી જ નથી.

ગુજરાતમાં માનવ જનસંખ્યા પ્રમાણે ફાયર સ્ટેશનની જરૂરિયાત ૩૯૪ જેની સામે માત્ર ૧૮૩ ફાયર સ્ટેશન હાલમાં છે તેમાં ૬૦ થી ૭૦ ફાયર સ્ટેશનની સ્થિતિ દયનીય છે. ગુજરાતમાં જનસંખ્યા મુજબ ફાયર સ્ટેશન માટે જરૂરી ૩૪૨૪૦ મેનપાવર સામે માત્ર ૧૪૪૭ ફાયર કર્મચારીઓ કાર્યરત એટલે કે માત્ર ૪.૫ ટકા જ કર્મચારી છે. ગુજરાતમાં ફાયર ફાઈટીંગ એપ્લાયન્સીસ / વિહકલની ૧૪૬૭ જરૂરિયાત સામે માત્ર ૭૭૦ સાધનો જ ઉપલબ્ધ જેમાંથી ૨૫૦ થી વધુ બિન કાર્યક્ષમ / બંધ હાલતમાં છે. આગની દુર્ઘટનામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના કરોડો રૂપિયા જાય છે ક્યાં ? આગથી થતા અકસ્માતમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ગુજરાતમાં ૩૧૭૬ મૃત્યુ થયા છે. છેલ્લા પાંચ વર્ષ માં આગ થી થતા અકસ્માત ની ૩૧૦૦ ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં આગથી થતા અકસ્માતની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષ માં આગથી થતા અકસ્માતમાં ૭૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતની આગની દુર્ઘટનાઓ સામે આવી હતી અને તેમાં પણ લોકોએ જીવ ગુમાવ્યા હતા. છતાં સરકાર અને તંત્ર દ્વારા ફાયરસેફ્ટી અંગે જે ગુન્હાહિત બેદરકારી દાખવવામાં આવી રહી છે તે ચિંતાનો વિષય છે. દુર્ઘટનાઓમાં જેમણે સ્વજન ગુમાવ્યા હોય તેને જ સાચુ દુઃખ ખબર હોય છે. અગ્નિકાંડ બાદ પણ હજુ તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. તપાસનાં નામે નાટક જોવા મળી રહ્યો છે ત્યારે અકસ્માતો અને આગની દુર્ઘટનાઓ બની ગયા પછી કાગળ પર કામગીરી કરનાર વહીવટીતંત્ર નક્કર કામગીરી કરે તો જ દુર્ઘટનાઓને નિવારી શકાય અને મહામૂલી માનવ જીંદગી બચાવી શકાય.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા